# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 12-07-2024 સાંજે : 7.50 થી 8.00

વાર : શુક્રવાર

આકાશવાણી સમાચાર સંસ્કૃતિ ભૂંડિયા વાંચે છે.

---

- ✓ **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બિમ્સ્ટેક સંગઠનને આર્થિક અને સામાજીક વિકાસનું ચાલકબળ ગણાવીને આ ક્ષેત્રની સલામતી સાથે સમૃદ્ધિ અંગે ભારતની પ્રતિબદ્ધતા દોહરાવી.**
- ✓ **સરકારે દર વર્ષે 25 જૂનને સંવિધાન હત્યા દિવસ તરીકે મનાવવાનો નિર્ણય લીધો.**
- ✓ **ભારત અને ભૂટાન પર્યાવરણ અને આબોહવા પરિવર્તનના ક્ષેત્ર ઉપરાંત અન્ય ક્ષેત્રોમાં સાથે મળીને કામ કરવા સંમત થયા.**
- ✓ **કેન્દ્ર સરકારે ઇશાન ભારત વિકાસ મંત્રાલયને કરાતી અંદાજપત્રીય ફાળવણી વધારીને 82 હજાર કરોડ રૂપિયા કરી.**
- ✓ **ઉત્તરાખંડના નાગરિકો હવે સમાન નાગરિક સંહિતા – UCC અંગેનો અહેવાલ આજથી મેળવી શકશે.**
- ✓ **નેપાળના ચિતવન જીલ્લામાં ભેખડો ધસી પડવાથી મુસાફરોને લઇ જતી બે બસ ત્રિશુલી નદીમાં પડી જતાં સાત ભારતીય સહિત 60 મુસાફરો લાપતા બન્યા છે.**

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## PM-BIMSTEC

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બિમ્સ્ટેક સંગઠનને આર્થિક અને સામાજીક વિકાસનું ચાલકબળ ગણાવીને બિમસ્ટેક ક્ષેત્રના શાંતિપૂર્ણ અને સલામતી સાથે સમૃદ્ધિ અંગે ભારતની પ્રતિબદ્ધતા દોહરાવી છે. તેઓ આજે નવી દીલ્હીમાં બિમસ્ટેક સંગઠનના સભ્યદેશોના વિદેશમંત્રીઓ સાથે વાતચીત કરી રહ્યા હતા. શ્રી મોદીએ ભારતને પાડોશી દેશ પહેલાં તેમજ પૂર્વના દેશો તરફની નીતીમાં બિમસ્ટેકનું મહત્વ સમજાવ્યું હતું. તેમણે આગામી સપ્ટેમ્બરમાં થાઇલેન્ડમાં યોજાનાર બિમસ્ટેક શિખર પરિષદ માટે ભારતના સમર્થનની જાહેરાત કરી હતી.

આ બેઠકમાં બિમસ્ટેક સંગઠનના દેશોમાં ઉર્જા, વેપાર, કૃષિ સહિત વિવિધ ક્ષેત્રોમાં સહકાર મજબૂત કરવા તેમજ સભ્યદેશોના નાગરિકો વચ્ચેનો સંપર્ક વધારવા અંગે ફળદાયી ચર્ચા થઇ હતી.

## 'Samvidhaan Hatya Diwas'

સરકારે દર વર્ષે 25 જૂનને સંવિધાન હત્યા દિવસ તરીકે મનાવવાનો નિર્ણય લીધો છે. વર્ષ 1975માં આ દિવસે ભૂતપુર્વ પ્રધાનમંત્રી ઇન્દિરા ગાંધીએ દેશમાં કટોકટી લાદી હતી.

સોશિયલ મિડિયા પોસ્ટમાં કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે આજે જણાવ્યું હતું કે, દમનકારી સરકારનાં અત્યાચાર છતાં લોકશાહીનાં પુનઃ સ્થાપન માટે સંઘર્ષ કરનાર લાખો લોકોની ભાવનાનું સન્માન કરવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

તેમણે જણાવ્યું કે, સંવિધાન હત્યા દિવસ મનાવવાને કારણે વ્યકિતગત સ્વતંત્રતાની શાશ્વત જ્યોતિ પ્રજ્વલિત રહેશે અને દરેક ભારતીયમાં દેશની લોકશાહી જીવંત રહેશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, સંવિધાન હત્યા દિવસ એ વાતની યાદ અપાવે છે કે  ભારતના બંધારણને કચડવાનું આવ્યું ત્યારે શું થયું હતું.

## INDIA-BHUTAN

ભારત અને ભૂટાન પર્યાવરણ અને આબોહવા પરિવર્તનના ક્ષેત્ર ઉપરાંત હવાની ગુણવત્તા, વન, વન્યજીવન વ્યવસ્થાપન અને ક્ષમતા નિર્માણના ક્ષેત્રોમાં સાથે મળીને કામ કરવા સંમત થયા છે.

ભૂટાનના ઉર્જા અને પ્રાકૃતિક સંસાધન મંત્રી જેમ શેરિંગના નેતૃત્વમાં ભૂટાનનું એક પ્રતિનિધિમંડળ નવી દિલ્હીમાં કેન્દ્રીય પર્યાવરણ રાજ્ય મંત્રી કીર્તિ વર્ધન સિંહને મળ્યું હતું. બંને નેતાઓએ હવાની ગુણવત્તા, આબોહવા પરિવર્તન, જંગલો, કુદરતી સંસાધનો, વન્યજીવન અને પુનઃપ્રાપ્ય ઉર્જા સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. શ્રી સિંહે ભારતની વૈશ્વિક પહેલ ઇન્ટરનેશનલ બિગ કેટ એલાયન્સમાં જોડાવા બદલ ભૂટાનના મંત્રીનો આભાર માન્યો હતો.

## REV-SC-KEJRIWAL

સર્વોચ્ચ અદાલતે કથિત આબકારી નીતી કૌભાંડ કેસમાં આમ આદમી પાર્ટીના વડા અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના વચગાળાના જામીન મંજૂર કર્યા છે.

સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ સંજીવ ખન્ના અને દિપાંકર દત્તાની બેંચે એન્ફોર્સમેન્ટ વિભાગ દ્વારા કરાયેલી ધરપકડના વિરોધને પડકારતી અરવિંદ કેજરીવાલની અરજી સર્વોચ્ચ અદાલતની મોટી બેંચને રીફર કરી છે.

જો કે, આબકારી નીતી અંગેના કેસમાં સીબીઆઇ દ્વારા અરવિંદ કેજરીવાલની ભ્રષ્ટાચાર પ્રતિબંધક ધારા હેઠળ ધરપકડ કરાઇ હોવાથી અરવિંદ કેજરીવાલને તિહાર જેલમાં રહેવું પડશે.

ઉલ્લેખનીય છે કે, એન્ફોર્સમેન્ટ વિભાગે આબકારી નીતી કૌભાંડ કેસમાં અરવિંદ કેજરીવાલની ગત 21મી માર્ચે ધરપકડ કરી હતી.

## ASSAM-JYOTIRADITYA-SCINDIA

કેન્દ્ર સરકારે ઇશાન ભારત વિકાસ મંત્રાલયને કરાતી અંદાજપત્રીય ફાળવણી 24 હજાર કરોડ રૂપિયા હતી તેમાં વધારો કરીને 82 હજાર કરોડ રૂપિયા કરી છે.

મેઘાલય અને આસામની બે દિવસની મુલાકાતે ગયેલા ઇશાન ભારત ક્ષેત્રના કેન્દ્રિય મંત્રી જયોતિરાદિત્ય સિંધિયાએ આજે ગુવાહાટીમાં પત્રકારો સાથેની વાતચીતમાં આ મુજબ જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, કેન્દ્ર સરકારે આ વિસ્તારની માળખાકીય સુવિધાઓ, સંપર્ક વ્યવસ્થા, તેમજ આરોગ્ય, શિક્ષણ, અને પ્રવાસન ક્ષેત્રના વિકાસ ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

શ્રી સિંધિયાની આ મુલાકાત દરમ્યાન, NERACE એપનો શુભારંભ કરાશે. આ એપ ઇશાન ભારતના ખેડૂતોને વૈશ્વિક સ્તરે કૃષિ ઉપજોના વેચાણની સીધી સુવિધા આપશે. આ એપ અંગ્રેજી અને હિન્દી ઉપરાંત આસામી, બંગાળી, નેપાળી, ખાસી, મિઝો અને મણિપુરી ભાષામાં ઉપલબ્ધ છે.

શ્રી સિંધિયા આવતીકાલે ગુવાહાટીમાં આસામ રાજયમાં સ્ટાર્ટઅપને પ્રોત્સાહન આપવા અંગે અધિકારીઓ સાથે ચર્ચાવિચારણા કરશે.

## *MID BREAK NEWS NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

## UTTARAKHAND-UCC

ઉત્તરાખંડના નાગરિકો હવે સમાન નાગરિક સંહિતા – **UCC** અંગેનો અહેવાલ આજથી મેળવી શકશે. કાયદા અમલીકરણ સમિતિના અધ્યક્ષ શત્રુઘ્નસિંહે

નિષ્ણાતોની સમિતિ દ્વારા તૈયાર કરાયેલ ઉત્તરાખંડ યુસીસીના ચાર ભાગોનું આજે વિમોચન કર્યું હતું.

આ અહેવાલ સત્તાવાર વેબસાઇટ ucc.uk.gov.in ઉપર પણ ઉપલબ્ધ છે. ઉલ્લેખનીય છે કે, ઉત્તરાખંડ સરકારે રાજયવિધાનસભામાં 10 કલાકની ચર્ચા બાદ ગત સાતમી ફેબ્રુઆરીએ સમાન નાગરિક સંહિતા વિધેયકને બહાલી આપી હતી. ત્યારબાદ રાષ્ટ્રપતિએ ગત 12મી માર્ચે તેને મંજૂરી આપી હતી.

## FUR. REV. NEPAL-MISSING

નેપાળના ચિતવન જીલ્લામાં ભેખડો ધસી પડવાથી મુસાફરોને લઇ જતી બે બસ ત્રિશુલી નદીમાં પડી જતાં સાત ભારતીય સહિત 60 મુસાફરો લાપતા બન્યા છે.

અમારા સંવાદદાતા જણાવે છે કે, ચિતવન જીલ્લાના નારાયણઘાટ-મુગલીંગ ધોરીમાર્ગ ઉપર આજે પરોઢિયે આ બનાવ બન્યો હતો. નેપાળ પોલીસના જણાવ્યા મુજબ એક બસમાં 41 જયારે બીજી બસમાં 24 મુસાફરો હતા. નેપાળ સશસ્ત્ર પોલીસદળના આપત્તિ વ્યવસ્થાપન એકમના જવાનોએ ઘટનાસ્થળે બચાવ કામગીરી હાથ ધરી છે. નેપાળના પ્રધાનમંત્રી પુષ્પ કમલ દહલે ટ્વીટર ઉપર આ બનાવ અંગે ઉંડા શોકની લાગણી વ્યકત કરી છે. અને સંબંધિત વિભાગના અધિકારીઓને ઝડપી કાર્યવાહી કરવાનો નિર્દેશ આપ્યો છે.

## TENNIS--WIMLEDON

ટેનિસ જગતની ગૌરવપ્રદ વિમ્બલ્ડન સ્પર્ધાની પૂરૂષોની પહેલી સેમીફાઇનલ અત્યારે ઇંગ્લેન્ડમાં ચાલી રહી છે. જ્યારે બીજી સેમિફાઇનલ ભારતીય સમય મુજબ આજે રાતના આઠ વાગ્યાથી રમાશે.

હાલમાં ચાલી રહેલી પહેલી સેમિફાઇનલમાં ગત વર્ષના વિજેતા કાર્લોસ અલ્કરાઝ અને પાંચમો ક્રમાંક ધરાવતા દેનિલ મેદવાદેવ વચ્ચે મુકાબલો થઇ રહ્યો છે.

ગયા વર્ષે આ જ સ્પર્ધાનિ સેમિફાઇનલમાં મેદવાદેવને 3-0થી પરાજય આપ્યો હતો.

આજે રાત્રે આઠ વાગ્યાથી રમાનારી બીજી સેમિફાઇનલમાં સાત વખતનો વિજેતા નોવાક જોકોવિચ અને 25મો ક્રમાંક ધરાવતા લેરોન્ઝો મુસેતી વચ્ચે મુકાબલો થશે.

## FOOTBALL

ફુટબોલમાં, બર્લિનમાં રવિવારે રાત્રે 12-30 કલાકે સ્પેન અને ઇંગલેન્ડ વચ્ચે યુરો કપ 2024ની ફાઇનલ મેચ રમાશે. સ્પેન ચોથી વાર આ ખિતાબ જીતવાના ધ્યેય સાથે મેદાનમાં ઉતરશે, જ્યારે ઇંગલેન્ડ સતત બીજી વાર ફાઇનલમાં પ્રવેશ્યું છે.

## IMD-INDIA

હવામાન વિભાગે દક્ષિણ-પશ્ચિમ અને ઇશાન ભારત તથા પૂર્વ ભારતના ઘણા વિસ્તારોમાં આગામી પાંચ દિવસમાં ભારેથી અતિભારે વરસાદ થવાની સંભાવના દર્શાવી છે. ગુજરાતના સૌરાષ્ટ્રમાં આગામી 48 કલાકમાં જયારે કચ્છમાં 16મી જુલાઇએ ભારે વરસાદ થવાની સંભાવના છે.

સત્તાવાર યાદીમાં જણાવ્યું છે કે, ગુજરાત, ગોવા, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, કર્ણાટક અને તેલંગણાના ઘણા વિસ્તારમાં ભારે વરસાદ થઇ શકે છે. એવી જ રીતે આસામ, મેઘાલય અને ઓડીશાના કેટલાક વિસ્તારોમાં 16મી જુલાઇ સુધી ભારે વરસાદ થઇ શકે છે. જયારે પશ્ચિમ બંગાળ સિક્કિમ, બિહાર અને અરૂણાચલ પ્રદેશના ઘણા વિસ્તારોમાં 14મી જુલાઇ સુધી ભારે વરસાદ થવાની સંભાવના છે.

આ ઉપરાંત પૂર્વ રાજસ્થાનમાં 16મીએ જયારે મહારાષ્ટ્રના વિદર્ભમાં 14મીથી 16મી જુલાઇ દરમ્યાન હળવોથી ભારે વરસાદ થઇ શકે છે.

## KERALA-SARBANANDA-SONOWAL

કેન્દ્રિયમંત્રી સર્વાનંદ સોનોવાલે જણાવ્યું છે કે, કેરળનું વિઝીંગજમ બંદર દેશમાં આંતરરાષ્ટ્રીય કક્ષાના બંદરોના વિકાસના કેન્દ્ર સરકારના આયોજન તરફનું મોટું પગલું છે.

શ્રી સોનોવાલ આજે તિરૂઅનંતપુરમના વિઝીંગજમ બંદર ખાતે પહેલા માલવાહક જહાજ સેન ફર્નાન્ડોને આવકારવા યોજાયેલા સમારંભમાં બોલી રહ્યા હતા. તેમણે આ બંદરને આંતરરાષ્ટ્રીય કક્ષાનું બંદર બનાવવા કેરળ સરકાર દ્વારા કરાયેલા પ્રયાસોને બિરદાવ્યા હતા.

આ પ્રસંગે કેરળના મુખ્યમંત્રી પી.વિજયને જણાવ્યું હતું કે, આ બંદરને મુખ્ય બંદર તરીકે વિકસાવવામાં આવશે અને અદ્યતન સુવિધા સાથેના આ બંદરના કારણે રાજયના આર્થિક વિકાસનો નવો અધ્યાય શરૂ થયો છે.

## BJP--SC-ST-FUNDS

કેન્દ્રિય કાયદામંત્રી અર્જુનરામ મેઘવાલે કર્ણાટક સરકાર સામે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના કલ્યાણ માટેના ભંડોળને રાજય સરકારની પાંચ ગેરંટી યોજના માટે ઉપયોગમાં લેવાનો આક્ષેપ કર્યો છે. આજે દીલ્હીમાં પત્રકારો સાથેની વાતચીતમાં શ્રી મેઘવાલે વધુમાં જણાવ્યું હતું કે, એસ.સી, એસ.ટી માટેની યોજનાઓના 14 હજાર કરોડ રૂપિયાથી વધુ રકમ અન્ય હેતુથી ફાળવવાનો નિર્ણય કર્ણાટક સરકારે કર્યો છે.

કેન્દ્રિયમંત્રીએ આ બાબતમાં નકકર કાર્યવાહીની માંગણી કરી છે.